A1L7H8

# ૧ નાક-કાન વગર ગા


## ૧. ચાલો, ગાઈએ ગીતડું :

નાનકડું એક પતંગિયું ભાઈ વેરી ગુડ
ફરરર ફરરર ઊડતું રે કાંઈ વેરી વેરી ગુડ
બારીમાંથી સરરર આવ્યું વેરી ગુડ
ચક્કર ચારે તરફ લગાવ્યું વેરી ગુડ
ટેબલ ઉપર સરરર બેઠું વેરી ગુડ
દફતર ઉપર સરરર બેઠું વેરી ગુડ
મારા ખભે ટપુક દઈને વેરી ગુડ
બેઠું ડાહ્યુંડમરું થઈને વેરી ગુડ

- રમેશ પારેખ

## ૨. લખો :

- દર્શાવ્યા મુજબ બાજુના ચિત્રના ત્રણે ભાગને તેમાં છાપેલા મૂળાક્ષર લખીને ભરી દેવાનું કહો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૩. વાર્તા :



એક જોકર. ઝૂમરુ એનું નામ. એક દિવસ ઝૂમરુ શાળામાં ગયો. બધાં પોતપોતાની જગ્યાએ ગોઠવાતાં હતાં. બધાંની નજર સામે જ હતી. ત્યાં જ ફુદરડી ફરતો ફરતો ઝૂમરુ જોકર આવ્યો. ઝૂમરુએ આવીને ગીત ગાવાનું શરૂ કર્યું :

**'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...'**

આવું ગાતાં ગાતાં ઝૂમરુ આંખો મોટી કરી સૌની સામે જોઈને અટક્યો. બધાંને નવાઈ લાગી. ઝૂમરુ કેમ ગાતો નથી ? ત્યાં તો ઝૂમરુએ ફરી ગાયું :

'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ, લડ્ડુ મેં સે ઘી નિકાલું...' એણે જોનારા સહુને સાથે ગાવા ઈશારો કર્યો. સૌએ એક વખત સાથે ગાયું. પછી ઝૂમરુ આસપાસ જોવા લાગ્યો. ઠુમકા મારીને એ એક છોકરા પાસે જઈને ઊભો રહ્યો. ત્યાં ઊભા રહીને એણે ગીત ગાયું :

**'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...**
**પીપલ પર હૈ એક હી પાન**
**ફટ્ટ સે પકડો મેરા કાન'**

એટલું ગાઈ ઝૂમરુએ છોકરાને કાન પકડી ખેંચવા ઈશારો કર્યો. જેવો છોકરાએ કાન પકડીને ખેંચ્યો કે તરત ઝૂમરુનો





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મોટો કાન છોકરાના હાથમાં આવી ગયો. ઝૂમરુ મોટેથી હસવા લાગ્યો. આ જોઈ સામે બેઠેલા સૌ હસી પડ્યા.

ફરીથી ઝૂમરુ ચાલતો ચાલતો આગળ ગયો. એક નાની છોકરી ઊભી હતી. ઝૂમરુ એની પાસે જઈને બેસી ગયો ને ગીત ગાયું :



**'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ,**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...**
**તુમ તો લગતી હો ચાલાક,**
**ઝટ્ટ સે પકડો મેરી નાક...'**

ગીત પૂરું થયું કે તરત જ એ છોકરીએ નાક પકડીને ખેંચી લીધું. જેવું નાક ખેંચાયું, ઝૂમરુ જોકરે 'ઓય બાપ રે...' એવી રાડ પાડી. ઝૂમરુનું નાક નીકળી ગયું. તે રાડ પાડતો હતો. જોનાર સૌ હસતાં હતાં. ઝૂમરુ પોતાની હથેળી નાક ઉપર રાખી આખા મેદાનમાં ફરવા લાગ્યો. સાથે સાથે એ ગીત ગાતો હતો. સૌને એકસાથે ગાવા માટે ઈશારા પણ કરતો હતો. એક જગ્યાએ અટકી તેણે ગાયું :


**'અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ,**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...**
**આગે - પીછે કુછ મત પૂછ,**
**બસ, પકડ લે મેરી મૂછ'**

એક નાની છોકરીએ ડરતાં - ડરતાં મૂછો પકડી. થોડી ખેંચી ને મૂછો તો એના હાથમાં જ આવી ગઈ. 'એ.. એ.. મૂછો ગઈ... મૂછો ગઈ...' બૂમો પાડી બધાં હસ્યાં.





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



ઝૂમરુ આગળ ગયો. અહીં એક ટીચર બેઠાં હતાં. ઝૂમરુએ જોરથી ગાયું :

**‘અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...**
**બાદ મેં દેખો મેરા હાલ,**
**જોર સે પકડો મેરે બાલ...’**

ટીચરે ઝૂમરુના વાળ પકડી લીધા. જોકરના માથા પર તો હવે એકેય વાળ ન હતો. સૌને આ ખેલ જોવાની મજા આવી. બધાંએ ગાયું :

**‘અમ્મન ચમ્મન ગુડ કે લડ્ડુ,**
**લડ્ડુ મેં સે ઘી નિકાલું...’**
**નાચો, ઝૂમો, ગાના ગાઓ**
**નાચો ઝૂમો ગાના ગાઓ,**
**‘ટકલે પે તબલા બજાઓ.’**



ઝૂમરુ માથા પર હાથ વડે તબલાં વગાડી નાચવા લાગ્યો. બધાં પેટ પકડી ખૂબ હસ્યાં.

- જોકરે ગાયેલી બધી પંક્તિઓ સમૂહમાં વારાફરતી બે-બે વાર ગવડાવો.

## ૪. વાતચીત :

૧. ઝૂમરુનું કયું ગીત તમને વધારે ગમ્યું ?
૨. ઝૂમરુનું નાક કોણે ખેંચ્યું ?
૩. કાન પછી ઝૂમરુએ શું પકડાવ્યું ?
૪. વાળ પકડાવતી વખતે ઝૂમરુએ શું ગાયું ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૫. જોકરે અમ્મનચમ્મન ગીત કેટલી વખત ગાયું ?

૬. આ જોકરનાં બીજાં નામ પાડો.

૭. ઝૂમરુનાં કયાં અંગો નકલી હતાં ?

- **ચાલો, ગાઈએ ગીતડું :** નાનકડું એક પતંગિયું ભાઈ વેરી ગુડ

## ૫. ઓળખો :

- ઉદાહરણ મુજબ દરેક વાક્યમાંથી જે-તે મૂળાક્ષરની ઓળખ કરાવી ◯ કરાવો.

| | | | |
|---|---|---|---|
| **જ** | ઝૂમરુ જલદી જાય છે. | **વ** | એનું કામ ગાવાનું વગાડવાનું નાચવાનું હસાવવાનું. |
| **ક** | ઝૂમરુનું નાક કેવું મજાનું ! | **ન** | નગરનું નામ જોકર નગર. |
| **ગ** | જોકર ગીત ગા. | **મ** | ઝૂમરુની મૂછો એકદમ મજાની. |
| **છ** | જોકર છમછમ નાચે છે. | **ર** | જોકરનગરમાં છોકરાં ઝૂમરુને જોવા હાજર છે. |
| **બ** | ઝૂમરુ બહેન પાસે બેઠો. | **સ** | ઝૂમરુ, આસપાસ નજર કરી સરકી જા. |
| **દ** | ઝૂમરુ દડબડ દડબડ દોડે છે. | **અ** | આ જોકરને જોવા અનેક છોકરાં આવે. |

## ૬. શોધો, વાંચો અને લખો :

- વિદ્યાર્થીઓને સૌ પ્રથમ ઉદાહરણ મુજબ પ, ડ, ત, ણ પર × મારવા કહો. ત્યારબાદ બાકી રહેલા અક્ષરોમાંથી બનતા આડા-ઊભા-ત્રાંસા શબ્દો શોધી કેટલાક શબ્દો આપેલા ખાનામાં લખવા કહો.

◯ ◯ પ પ પ ◯ ◯

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કા | બ | ર | પ | વે | પ | વ | ર | સા | દ |
| સે | પ | ડ | ડ | દ | ડ | | ત | ત | ત |
| ણ | વ | ણ | કા | મ | પ | અ | જ | ગ | ર |
| ણ | મ | ગા | ન | કા | પ | વા | ડ | ડ | ડ |
| ણ | ગ | ર | મ | ત | પ | જ | ડ | ગા | મ |
| સા | ર | સ | ત | અ | ત | ત | વા | | એ |
| બ | ડ | ડ | | ના | આ | કા | ર | ણ | ક |
| ર | ડ | બ | હે | ન | પ | પ | | ણ | ણ |
| ડ | રા | સ | ત | સ | મે | ડ | ડ | આ | પ |
| ડ | જા | ત | ત | ના | ના | ડ | પ | પ | ગ |

કાબર

## ૭. મોટેથી વાંચો :

- વિદ્યાર્થી પાસે મોટેથી વંચાવવું. વ્યક્તિગત વંચાવો અને સમૂહમાં પણ વંચાવો.

આ સરકસ છે.
આ અજબગજબ સરકસ છે.
મારા કાકા સરકસમાં કામ કરે છે.

કાકા  માગે છે.

નમન સરકસમાં  છે.

સરકસમાં વાનર અને અજગર છે.
સરકસમાં મજા જ મજા.

૬ ૬ ૬

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૮. ગીત ગાઓ :

- ગીતમાં જ્યાં ‘જગ્ગુ’ લખ્યું છે ત્યાં વિદ્યાર્થીને પોતાનું નામ બોલી ગીત ગાવા કહો.

હું સરકસનો જોકર, જગ્ગુ મારું નામ,
રડતાંને હસાવું હું તો, એ જ મારું કામ...
ઝૂલા ઉપર ખેલ બતાવું,
ગુલાંટ મારી નીચે આવું... હું સરકસનો જોકર, જગ્ગુ મારું નામ.
ઊલટો બેસી સાઈકલ ચલાવું,
ઊભો થઈને ઘોડો દોડાવું... હું સરકસનો જોકર, જગ્ગુ મારું નામ.
ઇંગ્લિશ ગાઈ ડાન્સ કરું હું,
હલો - ‘કસા કાય ?’ નમસ્તે કરું હું ... હું સરકસનો જોકર, જગ્ગુ મારું નામ.

**- સલામત**

## ૯. વાતચીત :

૧. જગ્ગુ જોકરનો કયો ખેલ તમને સૌથી વધારે ગમ્યો ?
૨. તમે જોકર હો તો કયો ખેલ કરો ?
૩. તમે સરકસ જોયું હોય તો તેમાં જોયેલા ખેલ વિશે કહો.
૪. (વિદ્યાર્થીઓને સરકસનો વીડિયો મોબાઈલ / LCD પર બતાવો.) આ વીડિયોમાં તમે શું શું જોયું તે કહો.
૫. વીડિયોમાં તમને સૌથી વધારે શું ગમ્યું ?

## ૧૦. રમત :

- વિદ્યાર્થીઓને ઊલટા પગે દોડાવીને પકડદાવની રમત રમાડો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૧. વાતચીત :


૧. તમને રમવાની મજા પડી ?

૨. તમને સૌથી વધારે મજા ક્યારે પડી ?

## ૧૨. જોડીને લખો :




કામ





રવ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૩. લખો :

● ચિત્રના આધારે વાક્ય લખવા કહો.

| | |
|---|---|
|  | આ સાગર છે. |
|  | આ |
|  | |
|  | |
|  | |
|  | |
|  | |

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૪. રમત : કક્કા જાસૂસ

ઝૂમરુ જોકરની વાર્તામાં કોઠામાં નીચે આપેલા અક્ષર કેટલી વખત આવે છે તે ગણીને લખવા કહો. આ અક્ષર સાથે જુદી જુદી માત્રાઓ હોય તો પણ તેની ગણતરી કરવી તે ખાસ કહો. સરવાળો કરી મળતા જવાબની સરખામણી કરાવો. જેણે વધારે અક્ષર ગણ્યા હોય તે વિજેતા ગણાય.

| અક્ષર | ન | મ | ગ | જ | સરવાળો |
|---|---|---|---|---|---|
| કેટલા ? | ______ | ______ | ______ | ______ | ______ |

- **ચાલો, ગાઈએ ગીતડું :** નાનકડું એક પતંગિયું ભાઈ વેરી ગુડ

ગાઓ :

રમશું રમશું રેલમ છેલ
હળશું મળશું કરશું ગેલ
ખડખડ હસવું ખેલમખેલ
રમશું રમશું રેલમ છેલ
ભલો શિયાળો, ટાઢ મજાની
ભલો ઉનાળો, લૂ મજાની
વરસાદે વાછંટ મજાની
બારે માસ મજાની ગમ્મત
ધિંગામસ્તી ઠેલમઠેલ
રમશું રમશું રેલમ છેલ

- હરિકૃષ્ણ પાઠક



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in